# ધોરણ-૧ ર સામાન્ય પ્રવાહનું ૫૫.૮૫ ટકા પરિણામ

## રાજપીપળા કેન્દ્રનું સૌથી ઓછું ૨૧.૫૯ ટકા પરિણામ રહ્યું : સુરત જિલ્લાનું સૌથી વધારે ૭૩.૫૦ ટકા પરિણામ : એ૧ ગ્રેડ મેળવનારની સંખ્યા ૨૬૯

અમદાવાદ,તા. ૨૮

૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ આજે સવારે જાહેર કરવામાં આવ્યુ હતુ.આ વર્ષે સામાન્ય પ્રવાહનુ પરિણામ ૫૫.૮૫ટકા રહ્યુ છે. અમદાવાદના એલિસબ્રીજ વિસ્તારનુ પરિણામ ૧૦૦ ટકા રહ્યુ છે.આવી જ રીતે સુરતના નાનપુરાના કેન્દ્રનુ પરિણામ પણ ૧૦૦ ટકા રહ્યુ હતુ. આવી જ રીતે સુરતના નાનપુરાનુ પરિણામ પણ ૧૦૦ ટકા રહ્યુ છે. જ્યારે રાજપીપળાનુ સૌથી ઓછુ ૨૧.૫૯ ટકા પરિણામ રહ્યુ છે.જ્યારે સુરત જિલ્લાનુ પરિણામ આ વખતે પણ સૌથી વધારે ૭૩.૫૦ ટકા રહ્યુ હતુ. ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાની સંખ્યા માર્ચ ૨૦૧૫માં ૧૨૯ હતી જે વધીને હવે ઘટીને ૧૦૭ થઈ ગઈ છે. જ્યારે ૧૦ ટકા કરતા ઓછુ પરિણામ ધરાવતી શાળાની સંખ્યા પણ ઘટીને ૧૦૦થઈ છે. જે માર્ચ ૨૦૧૫માં ૧૪૧ હતી. એક વિષયમાં પરિણામ સુધારાણાની જરૂરીયાત વાળા વિદ્યાર્થીઓની સંખ્યા કુલ ૨૬૫૬૯ નોંધાઈ ગઈ છે. આ વખતે એ૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા માર્ચ ૨૦૧૫ની સંખ્યામાંઘટીને ૧૬૯થઈ ગઈ છે. જે માર્ચ ૨૦૧૫માં ૨૫૬ હતી. છેલ્લા કેટલાક વર્ષોની જેમ આ વખતે પણ વિદ્યાર્થીનિઓ વિદ્યાર્થીઓ કરતા આગળ રહી છે. નિયમિત વિદ્યાર્થીઓની પરિણામ ટકાવારી ૬૧.૩૮ રહી છે. જ્યારે નિયમિત વિદ્યાર્થિનીઓની પરિણામ ટકાવારી ૭૭.૩૨ ટકા રહી છે. આવી જ રીતે માધ્યમની વાત કરવામાં આવે તો છેલ્લા કેટલાક વર્ષોની જેમ આ વખતે પણ અંગ્રેજી માધ્યમનુ પરિણામ સૌથી વધારે ૭૮.૭૮ રહ્યુ છે. જ્યારે ગુજરાતની માધ્યમનુ પરિણામ ૫૪.૨૮ રહ્યુ છે. આ વખતે ગેરરિતીના કેસમાં જુદા જુદા પગલાના કારણે ઉલ્લેખનીય ઘટાડો થયો છે. માર્ચ ૨૦૧૫માં આ સંખ્યા ૫૧૬૨ હતી. જે ઘટીને હવે ૧૪૬૮ જેટલી થઈ ગઈ છે. કુલ ૪૮૫ કેન્દ્રો પરથી પરીક્ષા લેવામાં આવી હતી. ઉપસ્થિત વિદ્યાર્થીઓની સંખ્યા ૩૩૧૭૭૮ રહી હતી. જે પૈકી પ્રમાણપત્ર મેળવવાને પાત્ર નિયમિત ઉમેદવારની સંખ્યા ૨૨૮૩૪૪ રહી છે. વ્યવસાયલક્ષી પ્રવાહના ઉમેદવારોના પરિણામની ટકાવારી ૬૮.૧૩ ટકા રહી છે. આવી જ રીતે ઉત્તર બુનિયાદી પ્રવાહના પરિણામની ટકાવારી ૬૩.૮૪ રહી છે. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે ૫.૧૪ લાખ વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. માધ્યમિક શિક્ષણ બોર્ડના વાઈસ ચેરમેન આરઆર ઠક્કરના જણાવ્યા અનુસાર ધોરણ.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ વહીવટી કારણોસર અટકાયું હતું. સામાન્ય પ્રવાહમાં અંગ્રેજી માધ્યમનુ પરિણામ ૭૮.૮૮ ટકા રહ્યુ છે. ગુજરાતી માધ્યમનુ પરિણામ ૫૪.૫૮ ટકા રહ્યુ છે. હાલમાં જ ગુજરાત માધ્યમિક બોર્ડના ઈતિહાસમાં પ્રથમ વખત ૧૨ સાયન્સનું પરિણામ સાંજે ૪ વાગ્યે જાહેર કરાયું હતું તો ધો.૧૨ સામાન્ય પ્રવાહના પરિણામની પહેલા ધો.૧૦નું પરિણામ જાહેર કરી દેવાયું હતુ. અને ૨૬મી મેના રોજ જિલ્લાના વિતરણ કેન્દ્ર ખાતેથી સવારના ૧૧થી સાંજના ૪ વાગ્યા સુધી ગુણપત્રકોનું વિતરણ કરવામાં આવી દીધું હતું. આ વર્ષે ધોરણ ૧૨ સાયન્સ પ્રવાહનું ૭૯.૦૩ ટકા અને ધોરણ ૧૦નું ૬૭.૦૬ ટકા પરિણામ આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૭મી મેના દિવસે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવામાં આવેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ચારની પરીક્ષાનું પરિણામ ૭૯.૦૩ ટકા જાહેર કરવામાં આવ્યું હતું. ગયા વર્ષની સરખામણીમાં સાત ટકા પરિણામ ઓછું રહેતા આની ચર્ચા વાલીઓમાં જોવા મળી હતી પરંતુ હજુ પણ પરિણામ ખુબ ઉંચુ રહ્યું છે. જ્યારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૪મી મેના દિવસે ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનું ૬૭.૦૬ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ. જે ગયા વર્ષની સરખામણીમાં વધારે પરિણામ છે. ગયા વર્ષે એટલે કે માર્ચ ૨૦૧૫માં ધોરણ-૧૦ બોર્ડનુ પરિણામ ૬૧.૫૦ ટકા જાહેર કરવામાં આવ્યુ હતુ. સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ તથા ઉચ્ચતર ઉત્તરબુનિયાદી પ્રવાહના કુલ ૫૦૬૫૭૫ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા જે પૈકી ૨૭૭૭૦૫ ઉમેદવારો પાસ થયા છે. આની સાથે જ ટકાવારી ૫૫.૮૫ ટકાવારી રહી છે. પરીક્ષામાં ગેરરીતિ આચરનાર ૧૯૦ વિદ્યાર્થીઓનું પરિણામ રદ કરવામાં આવ્યું છે.

પરિણામ તૈયાર કરવામાં મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્રો પરની કામગીરી તથા પરિણામ તૈયાર કરવામાં દરેક તબક્કે પુરતી કાળજી રાખી તટસ્થ પરિણામ જાહેર કરવામાં આવ્યા છે. પરીક્ષાની સફળ કામગીરી પાર પાડવામાં આવી છે. આ વખતે પણ અંગ્રેજી માધ્યમનું પરિણામ સૌથી વધારે રહ્યું છે.

## પર્સન્ટાઈલ રેંકનું ચિત્ર

સામાન્ય પ્રવાહમાં ૯૯થી વધુ પર્સન્ટાઈલ રેંક મેળવનારની સંખ્યા ૩૯૨૧ નોંધાઈ છે જ્યારે વ્યવસાયલક્ષી પ્રવાહમાં આ સંખ્યા ૮ નોંધાઈ છે. વ્યવસાયલક્ષીમાં ૯૮થી ઉપર પર્સન્ટાઈલ રેંકમાં ૨૮ વિદ્યાર્થીઓ રહ્યા છે. સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીને ૯૯.૦૧ કે તેથી વધુ પર્સન્ટાઈલ રેંક મળે છે તો તે પ્રથમ ૩૯૨૧માં આવી જાય છે. આવી જ રીતે વ્યવસાયલક્ષીમાં પણ ગણતરી કરવામાં આવે છે. ઉચ્ચતર બુનિયાદી પ્રવાહમાં ૯૯.૦૧ કે તેથી વધુ પર્સન્ટાઈલ રેંક મેળવે તો તે વિદ્યાર્થી પ્રથમ બે વિદ્યાર્થીઓમાં આવી જાય છે.

| પર્સન્ટાઈલ રેન્ક | સામાન્ય પ્રવાહ | વ્યવસાયલક્ષી | ઉત્તર બુનિયાદી |
|---|---|---|---|
| ૯૯થી વધુ | ૩૯૨૧ | ૮ | ૨ |
| ૯૮થી વધુ | ૭૮૬૪ | ૨૮ | ૧૨ |
| ૯૬થી વધુ | ૧૫૩૯૯ | ૭૬ | ૫૭ |
| ૯૪થી વધુ | ૨૩૪૦૧ | ૧૨૮ | ૧૧૩ |
| ૯૨થી વધુ | ૩૧૧૦૬ | ૧૬૩ | ૧૮૨ |
| ૯૦થી વધુ | ૩૮૮૫૯ | ૨૧૭ | ૨૫૮ |
| ૮૦થી વધુ | ૭૬૬૧૭ | ૪૩૮ | ૬૪૬ |
| ૭૦થી વધુ | ૧૧૫૩૮૬ | ૬૪૦ | ૯૯૯ |
| ૬૦થી વધુ | ૧૫૩૬૨૨ | ૭૭૯ | ૧૩૨૩ |
| ૫૦થી વધુ | ૧૯૨૮૨૦ | ૮૮૯ | ૧૬૫૧ |
| ૪૦થી વધુ | ૨૩૦૮૪૦ | ૯૮૮ | ૧૯૨૩ |
| ૩૦થી વધુ | ૨૬૯૦૯૮ | ૧૦૬૫ | ૨૧૬૮ |
| ૨૦થી વધુ | ૩૦૭૨૨૩ | ૧૧૧૭ | ૨૩૪૭ |
| ૦૦થી વધુ | ૩૮૪૩૯૪ | ૧૧૪૭ | ૨૬૮૩ |

## ૧૯૦ વિદ્યાર્થીના પરિણામ રદ કરવાનો બોર્ડનો નિર્ણય

### ૧૨૭૮ વિદ્યાર્થીઓના પરિણામ રિઝર્વ : સીસીટીવી કેમેરા અને ટેબ્લેટના આધારે ગેરરીતિ અને ચોરીના કેસોમાં ઘટાડો : ગેરરીતિના કેસ ઘટીને ૧૪૬૮

ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ ૨૦૧૬માં રાજ્યના ૪૮૫ કેન્દ્રો ઉપર લેવામાં આવી હતી. સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના કુલ ૫૦૬૫૭૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જે પૈકી ૨૭૭૭૦૫ વિદ્યાર્થીઓ પ્રમાણપતગ્ર મેળવવાને પાત્ર રહ્યા છે. આ પરીક્ષામાં ગેરરીતિ અને કોપી કેસને રોકવા માટે વ્યાપક પગલા લેવામાં આવ્યા હતા. પરીક્ષામાં ગેરરીતિ આચનાર પૈકીના ૧૯૦ વિદ્યાર્થીઓનું પરિણામ રદ કરવામાં આવ્યું છે. આ અંગેની જાણ લેખિતમાં સંબંધિતોને કરવામાં આવી છે. સીસીટીવી કેમેરા, ટેબ્લેટ દ્વારા પરીક્ષા ખંડમાં રેકોર્ડ થયેલી સીડીના ફુટેજ જિલ્લા મથકે બનાવવામાં આવેલી અધિકારીઓની ટીમે જોતા જે પરીક્ષાર્થીઓ ગેરરીતિ આચરતા દેખાયા હતા તેમના પરિણામો આ ટીમના રિપોર્ટના આધારે રિઝર્વ રાખવામાં આવ્યા છે. તેમની સંખ્યા ૧૨૭૮ નોંધાઈ છે. ચાલુ વર્ષે સીસીટીવી કેમેરા, ટેબ્લેટના ફુટેજ જોતા સુપરવાઈઝરો, શિક્ષકો જે સુપરવિઝનની કામગીરીમાં હતા તેઓ નિષ્ક્રિય દેખાયા છે તેમની સામે પણ નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આ વખતે વિવિધ પગલાના પરિણામ સ્વરુપે ગેરરીતિના કેસોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. માર્ચ ૨૦૧૫માં ગેરરીતિના કેસોની સંખ્યા ૫૧૬૨ જેટલી નોંધાઈ હતી જે હવે ઘટીને ૧૪૬૮ નોંધાઈ છે જે સાબિત કરે છે કે, સફળ પ્રયોગ રહ્યા છે. સીસીટીવી, ટેબ્લેટ દ્વારા કોપી કેસોને રોકવામાં સફળતા મળી છે. આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ તમામ વિગતો જાહેર કરાઈ હતી.

## ક્યા ગ્રેડમાં કેટલા વિદ્યાર્થીઓ ?

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. સામાન્ય પ્રવાહનું પરિણામ એકંદરે ૫૫.૮૫ ટકા જાહેર કરવામાં આવ્યું છે. પરિણામને લઈને વિદ્યાર્થીઓમાં આજે ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ નીચે મુજબ છે.

| ગ્રેડ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| એ-૧ | ૧૬૯ |
| એ-૨ | ૪૬૯૯ |
| બી-૧ | ૧૮૭૭૨ |
| બી-૨ | ૪૪૧૭૬ |
| સી-૧ | ૭૨૯૩૯ |
| સી-૨ | ૭૯૨૨૩ |
| ડી | ૫૭૩૫૦ |
| ઈ-૧ | ૩૭૭ |

## ધો. ૧૦માં ટ્રિનીટી ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ તલોદનું ૧૦૦ ટકા પરિણામ

તલોદ, તા. ૨૮

તાજેતરમાં ધોરણ-૧૦નું પરિણામ જાહેર થયું છે. જેમાં ટ્રીનિટી ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ તલોદે ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું છે. શાળાની ધોરણ-૧૦માં અભ્યાસ કરતી દુગ્ગડ પરિધી ૯૮.૭૯ પર્સન્ટાઈલ રેન્ક મેળવી પ્રથમ ક્રમાંકે, તથા દ્વિતીય ક્રમાંકે ફાલ્ગુની નરસિંઘાણીએ ૯૮.૬૫ પર્સન્ટાઈલ રેન્ક પ્રાપ્ત કર્યું છે. શાળામાં તૃતીય ક્રમાંકે ફાલ્ગુન પટેલે ૯૬.૧૭ પર્સન્ટાઈલ રેન્ક મેળવ્યો છે. ચતુર્થ ક્રમાંકે યશ્વી શાહે ૯૪.૯૩ પર્સન્ટાઈલ રેન્ક મેળવ્યો છે. શાળામાં પમલ ચંપાવતે ૯૧.૯૬ પર્સન્ટાઈલ રેન્ક મેળવી પાંચમો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. શાળાના આ તેજસ્વી તારલાઓને આચાર્ય તેમજ સમગ્ર શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## જિલ્લાનુ પરિણામ ૫૮.૬૯ ટકા એ ટુ ગ્રેડમાં ૭૬ વિદ્યાર્થીઓ

ગાંધીનગર તા ૨૮

શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનુ આજે પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ. જેમાં ગાંધીનગર જિલ્લાનુ પરિણામ ૫૮.૬૯ ટકા આવ્યુ છે. જયારે જિલ્લામાંથી ૭૬ વિદ્યાર્થીઓએ એ ટુ ગ્રેડમાં સ્થાન મેળવ્યુ છે. જિલ્લામાંથી ૧૩૪૯૨ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. આ પૈકી ૫૭૨૨ને સફળતા મળી નથી.

ધોરણ ૧૨ માં જિલ્લાનુ પરિણામ નબળુ આવ્યુ છે. જિલ્લાનુ પરિણામ માત્ર ૫૮.૬૯ ટકા આવ્યુ છે. જિલ્લામાંથી ૧૩૪૯૨ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. આ પૈકી એ વન ગ્રેડમાં એક પણ વિદ્યાર્થીઓને સ્થાન મળ્યુ નથી. જયારે એ ટુ ગ્રેડમાં ૭૬ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. બી વન ગ્રેડમાં ૪૬૨, બી ટુ ગ્રેડમાં ૧૧૩૦, સી વનમાં ૨૧૨૩, અને સી ટુ માં ૨૪૧૫, અને ડી ગ્રેડમાં ૧૭૦૩ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થયા છે. જયારે જિલ્લામાંથી ૫૭૨૨ વિદ્યાર્થીઓને પરિક્ષામાં સફળતા મળી નથી.

## સાસણગીરમાં રિસોર્ટ-હોટલ માટે નવા નિયમ જાહેર કરાયા

અમદાવાદ,તા. ૨૮

ગુજરાત હાઈકોર્ટની ફટકાર બાદ હવે સાસણ, મિતિયાણા, ગીર, પાણિયામાં રિસોર્ટ અને હોટલ માટે નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે. ગુજરાત સરકારને નવા નિયમો અમલી બનાવવાની ફરજ પડી છે. અભ્યારણ્યમાં હજુ સુધી કોઈ માર્ગદર્શિકા ન હતી પરંતુ હવે નિયમો પાળવા પડશે. નવા નિયમો પણ અમલી કરવાને લઈને દુવિધાભરી સ્થિતિ છે. ગુજરાત સરકારે નવા નિયમોની અસર ૧૩મી જાન્યુઆરી ૨૦૧૨ના ઠરાવ પહેલા થયેલા બાંધકામોને લાગૂ પડશે તેવી જાહેરાત કરી છે. ૧-૭-૨૦૧૫ના ઠરાવની પોલિસી પણ લાગૂ પડશે નહીં.

## ગડકરી ખુબ મહત્વના હાઈવે પ્રોજેક્ટનું હવે ખાતમૂર્હૂત કરશે

### સદ્ભાવના ગ્રાઉન્ડ ખાતે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા કાર્યક્રમનું આયોજન : આનંદીબેન પણ ખાસ હાજર રહેશે

અમદાવાદ,તા. ૨૮

વેરાવળમાં ૩૦મી મે ૨૦૧૬ના રોજ ભાવનગર સોમનાત નેશનલ હાઈવે પ્રોજેક્ટનું મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને કેન્દ્રીય ભૂમિ પરિવહન મંત્રી નીતિન ગડકરી ખાતમૂર્હૂત કરશે. ૩૦મી રોજ સાંજે ૧૬.૦૦ કલાકે વેરાવળ-સોમનાથ બાયપાસ પાસે સદ્ભાવના ગ્રાઉન્ડ ખાતે કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં રાજ્યના માર્ગ મકાનમંત્રી નીતિનભાઈ પટેલ અને કૃષિ રાજ્યમંત્રી જશાભાઈ બારડ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. સૌરાષ્ટ્રના દરિયાઈપટ્ટીના વિકાસ અને પરિવહન વિકાસ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર કટિબદ્ધ છે. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ભાવનગરથી વેરાવળ સુધીનો ૨૫૬ કિમીનો આધુનિક માર્ગ મંજુર કર્યો છે. આ માર્ગમાં અલંગ બંદર પીપાવાવ બંદર, ઘોઘા બંદર, જાફરાબાદ અને વેરાવળના બંદરો આવે છે તેમજ પ્રવાસન સ્થળો પાલીતાણા, તળાજા, દિવ અને સોમનાથ મંદિર પણ જોડાશે. ગીર અભ્યારણ્ય નજીકનો આ માર્ગ આગળ જુનાગઢ-રાજકોટ અને પોરબંદર -દ્વારકાને પણ જોડે છે. આ માર્ગમાં કુલ ૨૪ મોટા પુલ, ૧૨૯ નાના પુલ અને ૩૩૦ નાળાઓ તેમજ ૪ રેલવે પુલ ઉપરાંત પાંચ ઓવરબ્રિજ ને ૧૯ બાયપાસનુંનિર્માણ થવાનું છે. આ યોજના હાઈબ્રિડ એન્યુટી અનુસાર કરવામાં આવશે. રોડ સિમેન્ટ કોંક્રીટથી કરવામાં આવશે. બાંધકામનો ખર્ચ ૩૬૦૦ કરોડ અને જમીન સંપાદન સહિત કુલ ૪૮૦૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. અઢી વર્ષમાં કામ પૂર્ણ કરાશે અને ડિઝાઈન ૩૦ વર્ષની રહેશે. જમીન સંપાદન કામ અંતિમ તબક્કામાં છે. ભાવનગર-સોમનાથ હાઈવેના ખાતમુર્હૂતનો કાર્યક્રમ સાંજના ચાર કલાકે રાખવામાં આવ્યો છે.

## અમદાવાદ શહેરનું ૬૯.૦૩, ગ્રામ્યનું ૬૩.૭૬ ટકા રિઝલ્ટ

સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તરબુનિયાદી પરીક્ષા ૨૦૧૬નું પરીણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. અમદાવાદ શહેરનું પરિણામ ૬૯.૦૩ ટકા જાહેર કરવામાં આવ્યું છે જ્યારે અમદાવાદ ગ્રામ્યનું પરિણામ ૬૩.૭૬ ટકા નોંધાયું છે. આનો મતલબ એ થયો કે અમદાવાદ શહેરનું પરિણામ અમદાવાદ ગ્રામ્ય કરતા વધારે રહ્યું છે. અમદાવાદ શહેરમાંથી એ૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૪૯ અને એ૨માં વિદ્યાર્થીઓની સંખ્યા ૯૦૧ નોંધાઈ છે જ્યારે અમદાવાદ ગ્રામ્યમાં એ૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨ અને એ૨ મેળવનારની સંખ્યા ૩૪૯ નોંધાઈ છે. અમદાવાદ શહેર અને ગ્રામ્યનું પરિણામ નીચે મુજબ છે.

| વિગત | અમદાવાદ શહેર | અમદાવાદ ગ્રામ્ય |
|---|---|---|
| ઉપસ્થિત સંખ્યા | ૩૨૭૫૦ | ૨૧૯૮૫ |
| પરિણામની સરેરાશ | ૬૯.૦૩ ટકા | ૬૩.૭૬ ટકા |
| એ-૧ | ૪૯ | ૧૨ |
| એ-૨ | ૯૦૧ | ૩૪૯ |
| બી-૧ | ૨૪૦૮ | ૧૦૯૮ |
| બી-૨ | ૪૦૮૩ | ૨૨૪૧ |
| સી-૧ | ૫૬૯૯ | ૩૬૪૭ |
| સી-૨ | ૫૯૧૯ | ૩૯૮૭ |
| ડી | ૩૫૧૮ | ૨૬૬૪ |
| ઈ-૧ | ૩૦ | ૨૦ |

અમદાવાદ શહેરમાં એલિસબ્રિજનું પરિણામ ૧૦૦ ટકા

## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

રહેતો હોવાથી પરીક્ષામાં જવાબો ખોટા પડતા હતા. હવે આવું નહી બને. આ પાઠ્યક્રમમાં આ ''શિક્ષકની ભૂમિકા'' પણ પાઠ્ય પુસ્તક મંડળે સ્પષ્ટ કરી દીધી છે. જેથી શિક્ષકોએ પણ આ પાઠ્ય પુસ્તક આખું વાચીને - સમજીને વિદ્યાર્થીઓને ભણાવવું પડશે. આ ''શિક્ષકની ભૂમિકા'' આ વર્ષથી અમલમાં મૂકાઈ છે. જે દેશના કોઈ પાઠ્યપુસ્તકમાં નથી. આ પાઠ્યપુસ્તક મંડળ અને અભ્યાસક્રમના સંયોજક ડૉ. કમલેશ પરમાર, નિયામક એચ. એન. ચાવડા અને કાર્યવાહક પ્રમુખ નીતિન પેથાણી તથા લેખન સંપાદન કરનાર અને સમીક્ષા કરનાર સૌ શિક્ષકો, વિદ્વાનોની સમિતિ, વિષય સલાહકાર મનસુખ સલ્લા વગેરેની દૂરદૃષ્ટિ છે. આ પાઠ્યક્રમ અંગે ડૉ. નીતિન પેથાણી કહે છે કે સૌથી મહત્વની બાબત ભાષા અભિવ્યક્તિ અને આવતી પેઢી સંવેદનશીલ રહે અને શિક્ષકો પ્રવૃતિશીલ રહે એ છે. તેથી આ વખતે જુદી રીતનો સત્વશીલ અને ગુણવત્તાયુક્ત અભ્યાસક્રમ પસંદ કરાયો છે.

ધો. ૯ના આ પ્રથમ અને દ્વિતીયભાષાના અભ્યાસક્રમમાં વ્યાકરણના મુદ્દાઓને પણ એકદમ સરળતાથી શીખવવામાં આવ્યા છે. જેમાં પ્રથમ ભાષાના છ એકમમાં ધ્વનિશ્રેણી, સંજ્ઞા, વિશેષણ, સર્વનામ, ધાતુ - પ્રત્યય, રવાનુકારી, અંગ સાધક પ્રત્યય, સંધિ, સમાસ, વાક્યના પ્રકાર, અલંકાર જેવા મુદ્દાઓ સમાવાયા છે. જ્યારે દ્વિતીય ભાષાના ચાર એકમમાં સમાનાર્થી વિરૂધાર્થી શબ્દો, સ્વર - વ્યંજન - જોડણી, લિંગ વચન, અનુગ, નામયોગી, સંધિ, વિશેષણ - ક્રિયા વિશેષણ, સંયોજક, વિરામચિહનો, સમાસ, શબ્દસમૃદ્ધ, રૂઢિપ્રયોગ, કહેવત, અલંકાર જેવા મુદ્દાઓને સરળ અને સાદી ભાષામાં સમજાવવામાં આવ્યા છે. જેથી વિદ્યાથીઓને વ્યાકરણ શીખવામાં રસ રૂચિ જળવાઈ રહે.

તો વળી પરંપરા મુજબ દરેક ગદ્ય કે પદ્ય રચના ઉપર જે તે કવિ કે લેખકનું નામ, જન્મ તારીખ, એનો સમય અને એકદમ ટુંકમાં પરિચય આપવામાં આવ્યો છે. જેથી શિક્ષકની સાથે સાથે વિદ્યાથીઓ પણ અવગત થાય. આ પાઠ્યક્રમની કિંમત બાબતે અખબારોમાં ખુબ નકારાત્મક સમાચારો આવ્યા હતા કે એક સાથે આટલો બધો ભાવ વધારો કેમ ? પણ અન્ય રાજ્યોના પાઠ્ય પુસ્તકની કિંમત કરતા આપણા પાઠ્યપુસ્તકની કિંમત સાવ ઓછી છે. વળી દર વર્ષે વધતા કાગળ અને પ્રિંટીંગના ભાવવધારા સામે અત્યારની સ્થિતિ ધ્યાનમાં રાખીને નક્કી કરેલ આ કિંમત આગામી દસ વર્ષ સુધી યથાવત રહેશે, અને સરકારી કે ગ્રાંટવાળી સ્કૂલોમાં આ પાઠ્ય પુસ્તક વિનામૂલ્યે પણ આપવામાં આવે છે. આપણે ખાનગી સ્કૂલોમાં લાખો રૂપિયાની ફી ભરીએ છીએ. એ ફી કંઈ કંઈ બાબતોની લે છે ? સરકારના નિયમો મુજબ છે કે નહીં ? એની પણ આપણે ખાત્રી કરતા નથી. અને અહીં થોડો ભાવવધારો કરાયો તો ચર્ચા ? સરકાર જ્યારે નોકરીયાત કર્મચારીઓનો પગાર વધારે છે ત્યારે કેમ કોઈ વિરોધ નથી કરતું?

આ પાઠ્યપુસ્તકની તમામ રચનાઓ સર્જકોનું વૈવિધ્ય પણ ઉતમ રીતે થયું છે. ગુજરાતી ભાષાના નરસિંહ મહેતાથી લઈને એકદમ યુવા કવિ અનિલ ચાવડા સુધીના સર્જકો સમાવાયા છે. જેથી શિક્ષક અને વિદ્યાથીઓ દરેક યુગના સર્જકથી માહિતગાર થાય. અહીં વિષયની દૃષ્ટિએ પણ વૈવિધ્ય છે. દરેક પાઠ કે કાવ્યમાં કંઈકને કંઈક સારી પ્રેરણા મળે છે. નૈસર્ગિક આનંદ મળે છે. અને વિદ્યાર્થીઓમાં ભણવાની રસરૂચિ વધે એવી રચનાઓની પસંદગી દાદ માગી લે છે. આ પાઠ્યક્રમમાં ક્યાંય સરકારીપણું નથી દેખાતું. ''શિક્ષક સમિતિ''ની સ્વાયત્તતા સ્પષ્ટ જોઈ શકાય છે. કેમ કે પાઠ્યક્રમ બનાવનાર તો શિક્ષકો જ છે. અને વિદ્યાથીઓની માનસિકતા, રસરૂચિ અને ક્ષમતા વિશે શિક્ષકોથી વધુ સારી રીતે બીજુ કોણ જાણી શકે? મારા મતે તો આ પાઠ્યપુસ્તક જો સરખી રીતે વાચવામાં આવે, સમજવામાં આવે, ભણાવવામાં આવે તો કોઈને ગાઈડ કે અપેક્ષિતની જરૂર જ નથી. બધુ જ સરળ ભાષામાં આ પુસ્તકમાં જ સમાવાયું છે. આ પાઠ્યક્રમમાંથી વિદ્યાર્થીઓની સાથે શિક્ષકોનો પણ માનસિક અને સાહિત્યિક વિકાસ થાય છે એ પણ હકિકત છે.

- 9426060601.india@gmail.com

## મંત્રી બનાવશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કિસાનોને લગતા વિભાગોમાં મહત્વની જવાબદારી સોંપાશે.

ગુજરાતના રાજ્યસભાના કાંગ્રેસના સાંસદ પ્રવિણ રાષ્ટ્રપાલના અવસાનને કારણે ખાલી પડેલી બેઠક માટે ૧૧મી જૂને યોજાનારી ચૂંટણી માટે ભાજપ તરફથી પરષોત્તમ રૂપાલાની પસંદગી કરવામાં આવી છે. જ્યારે કોંગ્રેસ પક્ષમાંથી પીકે વાલેરા, દિનેશ પરમાર તથા જશવંતસિંહ મકવાણા વગેરેનાઓની ચર્ચા ચાલી રહી છે. ગુજરાત વિધાનસભામાં ભાજપને બે તૃત્યાંશ કરતા વધુ બહુમતિ હોવાથી ભાજપના ઉમેદવારનો વિજય નિશ્ચિત જણાય છે. ભાજપ તથા કોંગ્રેસના ઉમેદવારો ૩૧મીએ ફોર્મ ભરવાની અંતિમ તારીખ અગાઉ તેમના આવેદનપત્રો ભરી દેશે અને આ ખાલી પડેલી બેઠકની પેટાચૂંટણીમાં વિજય મેળવનાર ઉમેદવારનો કાર્યકાળ પોણા બે વર્ષનો જ રહેશે. ભાજપના ઉમેદવાર તરીકે પરષોત્તમ રૂપાલાના નામની વિધિવત જાહેરાત દિલ્હીથી કરવામાં આવશે અને રૂપાલા ૩૦મીએ સોમવારના રોજ તેમનું ઉમેદવારીપત્ર ભરશે તેમ ભાજપના સૂત્રોએ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન પછી પાટીદારોમાં ખાસ કરીને કડવા પાટીદાર સમાજમાં ભાજપ પ્રત્યે વ્યાપેલી નારાજગી દૂર કરવા પાર્ટી કડવા પટેલને રાજ્યસભામાં મોકલવા માંગે છે. રૂપાલા દિલ્હીથી સત્તાવારરીતે અગાઉ ૨૦૦૮થી ૨૦૧૪ સુધી રાજ્યસભાના સભ્ય પદે રહી ચુક્યા છે. પાર્ટીના પ્રદેશ પ્રમુખ તેમજ રાજ્યમાં કેબિનેટ મંત્રી રહી ચુક્યા છે. જો તેમને રાજ્યસભામામં મોકલવામાં આવે તો ભવિષ્યમાં મોદીના મંત્રી મંડળમાં સ્થાન મળે તેવી શક્યતા રાજકીય સમીક્ષકો નકારતા નથી. કાલ સુધીમાં ભાજપના ઉમેદવારનું નામ જાહેર થઈ જશે. કોંગ્રેસને જીતવાની આશા નથી પરંતુ રાજકીય રણનીતિના ભાગરુપે ચૂંટણી લડવા માંગે છે. દલિત સાંસદના અવસાનથી બેઠક ખાલી પડી હોવાથી કોંગ્રેસ દલિતને જ રાજ્યસભાના ઉમેદવાર બનાવવા માંગે છે. જેમાં પીકે વાલેરા, દિનેશ પરમાર, ઈશ્વરસિંહ મકવાણા વગેરેના નામ ચર્ચામાં છે.

## સી.એ. કરવું છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેળવ્યુ છે. રીયાના પિતા પ્રકાશભાઈ વર્ષોથી શહેરમાં જય અંબે સ્વીટ માર્ટની દુકાન ધરાવે છે.જયારે માતા રેખાબેન હાઉસવાઈફ છે. રીયાના મતે નિયમિત વાંચન શાળામાં થતા અભ્યાસનુ રિવિઝન વર્ક અને ટેસ્ટના લીધે સારૂ પરિણામ લાવી શકાય છે. શાળાના શિક્ષકોની મહેનત પણ તેજસ્વી પરિણામ માટે જવાબદાર હોવાનો એકરાર પણ તેણીએ કર્યો હતો. તેના મતે એકાઉન્ટના વિષય શિક્ષક રાજેશ દરજી તેમજ અંગ્રેજીના શિક્ષક આશિષ મન્સુરીની ટીચીંગ પધ્ધતિ પણ અસરકારક છે. વૃંદાવન પરિવારની દિકરીએ તેજસ્વી પરિણામ પ્રાપ્ત કરતા સમાજના અગ્રણીઓએ પણ ગૌરવની લાગણી વ્યકત કરી છે.

## ૭૪.૦૩ ટકા પરિણામ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિદ્યાર્થીઓ એ ટુ ગ્રેડમાં ઉત્તિર્ણ થયા છે. જેમાં નગરની માઉન્ટ કાર્મેલ શાળાની વિદ્યાર્થીની નિશીતા ગોસ્વામીએ ૬૨૩ ગુણ પ્રાપ્ત કરી પ્રથમ સ્થાન મેળવ્યુ છે. જયારે એન કે સ્કુલ ઓફ કોમર્સની રીયા સુખડીયાએ ૬૧૬ ગુણ મેળવી ટોપર્સની યાદીમાં સ્થાન મેળવ્યુ છે. આ ઉપરાંત શાળાની કીંજલ ગોસ્વામીએ પણ ૬૧૩ ગુણ મેળવ્યા છે. જયારે વેદ ઈન્ટરનેશનલ સ્કુલના કીશન નાયીએ પણ ૬૧૩ ગુણ મેળવી એ ટુ ગ્રેડ હાંસલ કર્યો છે. આ ઉપરાંત આર સી પટેલ શાળાના મહમ્મદ યાઝ મિરઝા,આર જી પટેલની નિધિ શાહ,સેન્ટ ઝેવિયર્સની નેન્શી ઠક્કર સહીતના વિદ્યાર્થીઓએ એ ટુ ગ્રેડ મેળવ્યો છે. શહેરની એન કે સ્કુલ ઓફ કોમર્સના ૧૧ વિદ્યાર્થીઓએ એ ટુ ગ્રેડ મેળવ્યા છે.જયારે શાળાનુ પરિણામ પણ શહેરમાં સૌથી વધુ ૧૦૦ ટકા આવ્યુ છે. આ ઉપરાંત માઉન્ટ કાર્મેલનુ ૯૮.૪૪ ટકા અને ૬ વિદ્યાર્થીઓ એ ટુ માં સ્થાન પામ્યા છે. સેન્ટ ઝેવિયર્સનુ ૯૮.૦૮, આર જી પટેલ શાળાનુ ૯૬.૮૧ ટકા આવ્યુ છે. જયારે ૬ વિદ્યાર્થીઓ એ ટુ ગ્રેડમાં આવ્યા છે. અને જે એમ ચૌધરી કન્યા વિદ્યાલયનુ ૯૨.૪૭ ટકા પરિણામ આવ્યુ છે.